"જાડેજા મેઘવાળ".મહેશ્વરી મેઘવાળ," "વણકર મેઘવાળ
"અને "ચારણીયા મેઘવાળ"જાતિના ઈસમોની જેમ
"ગુર્જરમેઘવાળ" જાતિનાં ઈસમોને અનુસુચિતજાતિના
પ્રમાણપત્ર આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક :અજપ -૧૦૨૦૦૮/મં.૧૫૫/હ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૧૫-૩-૨૦૧૦

વંચાણે લીધા: (૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,ઠરાવ ક્રમાંક: અજપ-૧૦૯૯-/ધા.સ. ૬/હ તારીખ:૧૦-૩-૨૦૦૦.

(૨) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ના પત્ર ક્રમાંક અજાક/મ/૫/૨૦૦૯ /૮૦૧૬ તારીખ 13/૧૦/૨૦૦૯

ઠરાવ:

કેન્દ્ર સરકાર દવારા અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાત ને લગતી અનુસુચિત જાતિ ની યાદીમાં ક્રમાંક ૨૧ સામે "મેઘવાલ" "મેઘવાળ"મેઘવાર"(Meghval,Meghwal,Meghvar) એ પ્રમાણે જાતિઓ દર્શાવવામાં આવેલ છે, જે ખાસ કરીને એક જ જાતિ નો સમૂહ ગણાય છે. આ જાતિના કેટલાક જુથો /પેટા જુથો ખાસ કરીને જામનગર,કરછ અને સુરેન્દ્રનગર જિલ્લા માં તેમજ અન્ય કેટલાક જિલ્લાઓ માં"જાડેજા મેઘવાળ" "મહેશ્વરી મેઘવાળ","વણકર મેઘવાળ" અથવા "ચારણીયા મેઘવાળ"તરીકે /નામે ઓળખાય છે અને રેવન્યુ રેકર્ડ માં તેમજ શાળાના રજિસ્ટર માં ઉપર ઉલ્લેખ કરેલ જાતિઓ લખાવે છે.

કેન્દ્ર સરકાર તરફથી પ્રસિધ્ધ થયેલ અનુ.જાતિઓની યાદીમાં ઉપરોક્ત જાતિઓનો ઉલ્લેખ ન હોવાથી ઉપર જણાવેલ જાતિના ઈસમોને અનુસુચિત જાતિના હોવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવતું ન હતુ."જાડેજા મેઘવાળ","મહેશ્વરી મેઘવાળ","વણકર મેઘવાળ" અને "ચારણીયા મેઘવાળ"જાતિના ઈસમોને અનુસુચિત જાતિતરીકે નું પ્રમાણપત્ર આપવા તથા અનુસુચિત જાતિ તરીકે ના મળવાપાત્ર લાભો આપવા અંગે સરકારશ્રી ને રજુઆતો મળી હતી.જે મુજબ "જાડેજા મેઘવાળ","મહેશ્વવરી મેઘવાળ"વણકર મેઘવાળ" અને "ચારણીયા મેઘવાળ" તરીકે ઓળખાવતા જાતિ ના લોકો મુળે મેઘવાળ,મેઘવાર અથવા મેઘવાલ જાતિના હોવાથી તથા"જાડેજા મેઘવાળ","મહેશ્વરી મેઘવાળ","વણકર મેઘવાળ અને "ચારણીયા મેઘવાળ"શબ્દ મુળે મેઘવાળ,મેઘવાલ અથવા મેઘવાર જાતિના એકબીજાના પર્યાયરુપ શબ્દો છે,કોઈ ભિન્ન જાતિ નથી.

આથી પુખ્ત વિચારણાને અંતે જે ઈસમો મુળે "મેઘવાલ","મેઘવાળ"અથવા "મેઘવાર" જાતિ ના હોય પરંતુ પોતાને "જાડેજા મેઘવાળ","મહેશ્વરી મેઘવાળ","વણકર મેઘવાળ" અથવા "ચારણીયા મેઘવાળ" તરીકે ઓળખાવતા હોય તેમજ શાળા છોડયાના પ્રમાણપત્ર માં અગરતો અન્ય કોઈ

રેવન્યુ રેકર્ડમાં પણ ઉપર મુજબની જાતિ લખાવેલી હોય/ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઈસમો,તેઓ "મેઘવાળ","મેઘવાલ" કે "મેઘવાર"જાતિના હોવા અંગેનો પુરાવો રજુ કરે તો તેવા ઈસમોને પણ હવેથી અનુસુચિત જાતિ તરીકે નું પ્રમાણપત્ર આપી શકાશે તેમજ અનુસુચિત જાતિ તરીકે ના મળવાપાત્ર લાભો આપી શકાશે,તે મુજબ સંદર્ભ (૧) અન્વયે હુકમો કરવામાં આવેલ છે.

૨. ઉપર દર્શાવ્યા મુજબના ચાર પેટા જુથો માં "ગુર્જર-મેઘવાળ " સમાજ નો પણ સમાવેશ થાય છે, અને ઉપરનાં ચારેય જુથોમાં રોટી વહેવાર અને કેટલાક કિસ્સાઓ માં બેટી વહેવાર જેવા સંબંધો અસ્તિત્વમા છે, અને "ગુર્જર મેઘવાળ" ને પણ "મેઘવાળ" તરીકે "અસ્પૃશ્યજાતિ" તરીકે ઓળખવામાં આવે છે.આ જાતિના ઈસમો ને અનુસૂચિતજાતિનું પ્રમાણપત્ર તથા અનુસૂચિતજાતિ તરીકે ના મળવાપાત્ર લાભો આપવા અંગે મળેલ રજુઆત તથા સંદર્ભ(૨)થી થયેલ દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૩. પુખ્ત વિચારણાને અંતે જે ઈસમો મુળે "મેઘવાલ","મેઘવાળ"અથવા "મેઘવાર" જાતિ ના હોય પરંતુ પોતાને "ગુર્જર મેઘવાળ" તરીકે ઓળખાવતા હોય તેમજ શાળા છોડયાના પ્રમાણપત્ર માં અગરતો અન્ય કોઈ રેવન્યુ રેકર્ડમાં પણ "ગુર્જર મેઘવાળ" જાતિ લખાવેલી હોય/ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઈસમો"મેઘવાળ","મેઘવાલ" કે "મેઘવાર"જાતિના હોવા અંગેનો પુરાવો રજુ કરે તો તેવા ઈસમોને પણ હવેથી અનુસુચિત જાતિ તરીકે નું પ્રમાણપત્ર આપી શકાશે તેમજ અનુસુચિત જાતિ તરીકે ના મળવાપાત્ર લાભો આપી શકાશે,

૪. ઉપર જણાવ્યા મુજબ "જાડેજા મેઘવાળ","મહેશ્વરી મેઘવાળ","વણકર મેઘવાળ" અને "ચારણીયા મેઘવાળ"જાતિના ઈસમોની જેમ "ગુર્જર મેઘવાળ" જાતિ ના ઈસમોને હવેથી અનુસુચિત જાતિ તરીકે નું પ્રમાણપત્ર મળી રહે તે મુજબ ઠરાવવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.જે.મકવાણા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

+માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાઓ,
+સચિવશ્રી,ગુજરાત તકેદારીઆયોગ ગાંધીનગર.
+સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
+સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
+સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ,અમદાવાદ.
નિયામકશ્રી,અનુસુચિતજાતિ કલ્યાણ ,ડૉ.જીવરાજ મહેતાભવન,ગાંધીનગર.
તમામ જીલ્લા પછતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ/સંબંધિત તકેદારી અધિકારીશ્રીઓ.
તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત).
તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.
તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ના તમામ બોર્ડ/કોર્પોરેશન.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ની સઘળી શાખાઓ.
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ના અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.
સીલેકટ ફાઈલ.

-------------

+પત્ર દ્વારા.